# વિધાનગૃહોમાં ચર્ચાઓનું સ્તર નીચે ઉતરવું એ ચિંતાનો વિષય : ઓમ બિરલા

## ૧૫મી વિધાનસભાના નવનિર્વાચિત ધારાસભ્યો માટે સંસદીય કાર્યશાળાનો લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ પ્રારંભ કરાવ્યો

ગાંધીનગર, તા.૧૫

૧૫મી ગુજરાત વિધાનસભાના નવનિર્વાચિત ધારાસભ્યોને સંસદીય કાર્યપદ્ધતિથી સુપેરે માહિતગાર કરવા ગુજરાત વિધાનસભા અને લોકસભા સચિવાલય દ્વારા સંસદીય કાર્યશાળાનું દ્વિદિવસીય આયોજન કરવામાં આવ્યું છે. લોકસભા અધ્યક્ષશ્રી ઓમ બિરલાજીએ વિધાનસભા અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તથા સાંસદશ્રીઓ, મંત્રીશ્રીઓ અને ધારાસભ્યોની ઉપસ્થિતીમાં આ કાર્યશાળાનો પ્રારંભ કરાવ્યો હતો. શ્રી બિરલાએ જણાવ્યું હતું કે ગુજરાતની ૧૫મી વિધાનસભા એ યુવાશક્તિ તેમજ અનુભવનું અનોખો સુમેળ છે. રાજ્ય વિધાનસભામાં ૮૨ જેટલા નવા ચૂંટાયેલા સભ્યો છે અને ૧૫ મહિલા પ્રતિનિધિઓ ચૂંટાઈ છે કે જેમાંથી ૮ મહિલાઓ પહેલી વાર સભ્ય બની છે. તે ગુજરાત માટે ગૌરવની વાત છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓની ભૂમિકાનો ઉલ્લેખ કરતાં શ્રી બિરલાએ કહ્યુ હતું કે જનપ્રિતિનિધિ હોવાના નાતે તેમના પર મતદારોના પ્રશ્નોના ઉકેલ લાવવાની મોટી જવાબદારી છે. તેથી વિધાનમંડળોએમાં ચર્ચા તથા સંવાદ થવા જોઈએ તથા ચર્ચાનું સ્તર ઉચ્ચતમ રહેવું જોઈએ. તેમણે ઉમેર્યુ હતું કે રાજ્ય વિધાનસભાઓમાં ચર્ચા તેમજ સંવાદનું સ્તર જેટલું ઉંચુ હશે, તેટલા જ કાયદાઓ વધુ શ્રેષ્ઠ બનશે. ગૃહમાં અર્થપૂર્ણ ચર્ચા કરવા માટે એ જરૂરી છે કે સભ્યોને નિયમો તેમજ પ્રક્રિયાઓની માહિતી હોય. તેથી ગૃહે ચર્ચા તથા સંવાદનું એક અસરકારક કેન્દ્ર બનવું જોઈએ કે જેથી આપણી લોકશાહી વધુ મજબૂત બને. પ્રિસાઈડિંગ ઑફિસરોની ભૂમિકાનો ઉલ્લેખ કરતાં શ્રી બિરલાએ જણાવ્યુ હતું કે પ્રિસાઈડિંગ ઑફિસરની જવાબદારી છે કે તેઓ ગૃહની ગરિમા વધારવાની દિશામાં કાર્ય કરે. ગૃહોમાં ચર્ચાઓનું સ્તર નીચે જવું તથા ગૃહની ગરિમામાં ઘટાડો એ આપણા સૌ માટે ચિંતાનો વિષય છે. એક ઉત્કૃષ્ટ ધારાસભ્ય એ જ હોય છે કે જે ઉત્કૃષ્ટ ગુણવત્તા ધરાવતી ચર્ચા તથા સંવાદમાં ભાગ લે અને ગૃહની પ્રતિષ્ઠામાં વધારો કરે. સભ્યોએ તથ્યો સાથે પોતાની વાત મૂકવી જોઈએ, કારણ કે આધારવિહોણા આરાપો પર તર્ક-વિતર્ક લોકશાહીને નબળી કરે છે. લોકશાહીમાં વિપક્ષની ભૂમિકા અંગે પોતાના વિચારો રજૂ કરતાં તેમણે કહ્યુ હતું કે ગૃહમાં વિપક્ષની ભૂમિકા હકારાત્મક, રચનાત્મક તથા શાસનમાં જવાબદારી નક્કી કરનારી હોવી જોઈએ, પરંતુ જે પ્રકારે સુનિયોજિત રીતે ગૃહની કાર્યવાહીમાં વિધ્ન નાખી ગૃહનું કાર્ય સ્થગિત કરવાની પરમ્પરા સર્જવામાં આવી રહી છે, તે લોકશાહી માટે યોગ્ય નથી. ગૃહમાં ચર્ચા, વાદ-વિવાદ, અસંમતિ હોઈ શકે, પરંતુ ગૃહમાં ગતિરોધ ક્યારેય ન હોવો જોઈએ. તેમણે સભ્યોને ગૃહના નિયમો તથા પ્રક્રિયાઓ અને અગાઉના વર્ષોના વાદ-વિવાદનો અભ્યાસ કરવાનો અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સભ્યો નિયમો, પ્રક્રિયાઓ તથા અગાઉના વર્ષોમાં થયેલ વાદ-વિવાદોથી જેટલા વધુ વાકેફ બનશે, તેટલા જ તેમના પ્રવચનો સમૃદ્ધ થશે. તેમણે એમ પણ કહ્યું હતું કે સૂત્રોચ્ચાર કરવા તથા વિધાનસભાની કાર્યવાહીમાં વિઘ્ન નાખવાથી કોઈ પણ સભ્ય શ્રેષ્ઠ ધારાસભ્ય ન બની શકે.

'વન નેશન, વન ડિજિટલ પ્લેટફૉર્મ'નો ઉલ્લેખ કરતા શ્રી બિરલાએ જણાવ્યુ હતું કે વડાપ્રધાનશ્રીના વિઝનને અનુરૂપ કાર્ય ચાલી રહ્યું છે કે જેથી તમામ રાજ્યોની વિધાનસભાઓ તથા તેમના દ્વારા પસાર કરાયેલ કાયદાઓ પર થયેલ વાદ-વિવાદ અને ચર્ચાઓને એક પ્લેટફૉર્મ પર લાવી શકાય. આ સંદર્ભે, શ્રી બિરલાએ વિધાનમંડળોની કાર્યદક્ષતામાં સુધારા માટે ટેક્નોલૉજીના મહત્તમ ઉપયોગ તથા શોધ કાર્યને મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો. ભારતને મળેલ જી-૨૦ની અધ્યક્ષતાનો ઉલ્લેખ



કરી બિરલાએ જણાવ્યું હતું કે આ ભારતની સમૃદ્ધ લોકશાહી પરમ્પરા તેમજ સાંસ્કૃતિક વિરાસતને પ્રદર્શિત કરવાનો એક ઐતિહાસિક પ્રસંગ છે. કાર્યશાળાના શુભારંભે સ્વાગત પ્રવચન કરતા વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગુજરાતની જનતાએ ચૂંટેલા પ્રતિનિધિઓ સંસદીય કાર્યપ્રણાલી, નિયમો અને ગૃહની કામગીરીથી પરિચિત થાય.

### ગુજરાત પોલીસની ખાસ ઝૂંબેશ

# e-FIRમાં મળેલી ફરિયાદોની પુનઃતપાસ કરી ગુનો નોંધાશે

## ૧૦થી ૨૫ ફેબ્રુઆરી દરમિયાન ખાસ ઝૂંબેશનું આયોજન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત પોલીસે ૨૩મી જુલાઈ, ૨૦૨૨થી વાહન અને મોબાઈલ ચોરીના કિસ્સામાં સિટીઝન પોર્ટલ પર ફરિયાદ નોંધવા માટે e-FIRની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. e-FIR સિસ્ટમ અંતર્ગત ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩ સુધીમાં કુલ ૭૯૫૩ અરજીઓ મળી હતી. જેમાંથી ૧૭૯૯ અરજીઓ માટે e-FIR નોંધવામાં આવી છે. જ્યારે બાકીની ૬૧૫૪ અરજીઓને દફતરે કરવામાં આવી છે.

દફતરે કરેલી અરજીઓ અંગે ગાંધીનગરના સ્ટેટ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો તરફથી નકારાત્મક પ્રતિભાવો મળતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને એક ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦થી ૨૫ ફેબ્રુઆરી દરમિયાન એક ખાસ ઝૂંબેશનું આયોજન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ખાસ ઝૂંબેશ અંતર્ગત સ્થાનિક પોલીસ દ્વારા દફતરે કરાયેલી અરજીઓની પુનઃતપાસ કરી ક્વેંઈ નોંધવાની કાર્યવાહી કરવા માટે સૂચન કરવામાં આવ્યું છે. આ ખાસ ઝૂંબેશ દરમિયાન રાજ્યભરના પોલીસ સ્ટેશનમાં ૨૩/૭/૨૦૨૨ થી ૮/૨/૨૦૨૩ સુધીના સમયગાળામાં દફતરે કરેલી અરજીઓની યાદી તૈયાર કરવામાં આવશે. અરજદારો પાસેથી વિગતો મેળવી સ્થળની મુલાકાત કરવામાં આવશે અને પ્રથમ દ્રષ્ટિએ તે નોંધનીય ગુનો ફલિત થતા FIR નોંધવાની કાર્યવાહી કરવામાં આવશે. વાહન ચોરી અંગે દાખલ થયેલા ગુનાઓમાં વ્હિકલ રજિસ્ટ્રેશન નંબર નેત્રમ અને કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરને આપી ANPR કેમેરાની મદદથી તેની સમગ્ર રાજ્યમાં તપાસ કરવામાં આવશે. આ ઉપરાંત મોબાઈલ ચોરીના ગુનામાં ગુજરાત પોલીસ દ્વારા IMEI નંબરને ઓબ્ઝર્વેશનમાં મૂકી મોબાઈલને શોધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આ ખાસ ઝૂંબેશ દરમિયાન ચોરાયેલા વાહન અને મોબાઈલ પરત મળતા સંબંધિત ન્યાયાલય મારફતે વાહનો અને મોબાઈલ ફરિયાદીને પરત આપવાની કાર્યવાહી કરવામાં આવશે.

### વિશ્વના ભલા માટે ભારતની ભૂમિકા વિશ્વના દેશો સ્વીકારે છે

# આદિકાળથી ભારત વસુધૈવ કુટુંબકમ-વિશ્વ જ એક પરિવારની ભાવના મૂર્તિમંત કરી રહ્યું છે

ગાંધીનગર, તા.૧૫

ભારતને તા. ૧ ડિસેમ્બર,૨૦૨૨ થી ૩૦ નવેમ્બર-૨૦૨૩ સુધી જી-૨૦ની અધ્યક્ષતા પ્રાપ્ત થઈ છે. લોકશાહી અને આંતરરાષ્ટ્રીય સહકાર માટે ભારતનું જી-૨૦ અધ્યક્ષપદ દેશના ઈતિહાસમાં ઐતિહાસિક અને સીમાચિહ્નરૂપ ઘટના છે. વિશ્વના ભલા માટે ભારતની ભૂમિકા વિશ્વના દેશો સ્વીકારે છે. ભારત વિશ્વની પ્રમુખ સમસ્યાઓના વ્યવહારૂ ઉકેલો શોધીને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા માંગે છે. આ અભિગમમાં જ 'વસુધૈવ કુટુંબકમ'- સમગ્ર વિશ્વ જ એક પરિવાર છે' એવી ભાવના મૂર્તિમંત થાય છે.

તા.૧ ડિસેમ્બર,૨૦૨૨ ના રોજ ભારતે ઈન્ડોનેશિયા પાસેથી જી-૨૦નું પ્રમુખપદ સંભાળ્યું અને ૨૦૨૩માં દેશમાં પ્રથમ વખત જી-૨૦ નેતાઓની સમિટની યજમાની કરી રહ્યું છે. દર વર્ષે સભ્ય દેશો ક્રમશઃ અધ્યક્ષપદ સંભાળે છે. ભારત માટે 'આઝાદીના અમૃત મહોત્સવ'ના અવસરે જી-૨૦ અધ્યક્ષપદ "અમૃત કાળ"ની શરૂઆત પણ કરે છે, જે ૨૦૨૨માં દેશની સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠથી શરૂ થતા ૨૫ વર્ષનો સમયગાળો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મત મુજબ ભારતની જી-૨૦ અધ્યક્ષતા એકતાની વૈશ્વિક ભાવનાને પ્રોત્સાહન આપવા માટે કામ કરશે. તેથી જ અમારી થીમ 'એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય' છે એમ તેઓ સ્પષ્ટપણે માને છે.

વિશેષતઃ જી૨૦ના અધ્યક્ષપદે આરૂઢ થવાથી ભારતને કેટલીક ખાસ સત્તાઓ પણ આપોઆપ મળી છે. જેમાં ૨૨૦ના સભ્ય ન હોય એવા દેશોને પણ બેઠકોમાં ભાગ લેવા માટે ભારત આમંત્રિત કરી શકે છે. આ એક નાના પગલાથી પણ મિત્રદેશો સાથે મૈત્રીપૂર્ણ સંબંધોને વધુ ગાઢ બનાવી શકાય છે. એટલે જ ભારતે યુ.એ.ઈ.(સંયુક્ત આરબ અમીરાત), બાંગ્લાદેશ, ઈજીપ્ત, મોરેશિયસ, નેધરલેન્ડસ, નાઈજીરિયા, ઓમાન, સિંગાપોર અને સ્પેનને ૨૨૦માં ભાગ લેવા માટે આમંત્રણ આપ્યું છે.

ભારતના અધ્યક્ષપદે ૧ વર્ષ દરમિયાન ૩૨ ક્ષેત્રો અને વિષયો અંતર્ગત ૨૦૦ બેઠકો યોજાઈ રહી છે. સ્ટાર્ટઅપ ૨૦ એંગેજમેન્ટ ગ્રુપ પ્રથમ વખત ભારતના ૨૨૦ પ્રેસિડેન્સી હેઠળ સ્થાપિત કરવામાં આવશે, જે ઝડપથી બદલાતા વૈશ્વિક લેન્ડસ્કેપમાં સ્ટાર્ટઅપ્સની ભૂમિકાને ઉજાગર કરે છે.

# રાજકોટમાં સિંહણ સ્વાતિએ સિંહ બાળને આપ્યો જન્મ

## નાનકડા બચ્ચાંની તસવીરો વાયરલ : માતા સ્વાતિ દ્વારા બચ્ચાંની પૂરતી કાળજી રાખવામાં આવે છે : માતા તથા બચ્ચું બન્ને તંદુરસ્ત

રાજકોટ, તા.૧૫

શહેરનાં પ્રદ્યુમન પાર્ક ઝૂમાં પારણું બાંધવાની મોસમ ખીલી છે. સિંહણ સ્વાતિએ સિંહ બાળને જન્મ આપ્યો છે. સિંહ હરીશ અને સિંહણ સ્વાતિના સંવનન થકી એક સિંહ બાળનો જન્મ થયો છે. રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે ૧૨મી તારીખનાં રોજ એશિયાઇ સિંહએ સિંહ બાળને જન્મ આપ્યો હતો. મેયર ડૉ. પ્રદિપડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ. કમિશનર અમિત અરોરા અને બાગબગીચા અને ઝૂ સમિતિના ચેરમેન અનીતાબેન ગોસ્વામીએ સંયુક્ત યાદીમાં માહિતી આપીને જણાવ્યું હતું. એશિયાઇ સિંહ નર હરીશ તથા માદા સિંહણ સ્વાતીના સંવનનથી ૧૦૫ દિવસના ગર્ભાવસ્થાના અંતે સિંહ માદા સ્વાતી દ્વારા તા.૧૨/૦૨/૨૦૨૩ના રોજ બપોર પછીના સમયે સિંહ બાળ જીવ ૦૧ (એક)નો જન્મ થયેલ છે. માતા સ્વાતી દ્વારા બચ?ચાંની પૂરતી કાળજી રાખવામાં આવે છે. હાલ માતા તથા બચ્ચું બન્ને તંદુરસ્ત છે. ઝૂ વેટરનરી ઓફિસર તથા ટીમ દ્વારા માતા તથા બચ્ચાંનું સીસીટીવી દ્વારા રાઉન્ડ ધ કલોક મોનીટરીંગ કરવામાં આવે છે. સિંહણ સ્વાતીએ આ બીજી વખત બચ્ચાને જન્મ આપેલ છે. અગાઉ તા.૨૪/૦૯/૨૦૧૪ના રોજ સિંહ નર ''નીલ'' સાથેના સંવનનથી ત્રણ સિંહ બાળને જન્મ આપેલ હતા. સામાન્ય રીતે સિંહ, વાઘ, દિપડા જેવા બિલાડી કુળના મોટા પ્રાણીઓ સરેરાશ બેથી ત્રણ બચ્ચાંને જન્મ આપતા હોય છે. ખૂબજ ઓછા કિસ્સામાં એક બચ્ચું અથવા ચારથી પાંચ બચ્ચાંઓ જન્મતા હોય છે. રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતેનું કુદરતી જંગલ સ્વરૂપેનું નૈસર્ગીક વાતાવરણ એશીયાઇ સિંહ તથા સફેદ વાઘને અનુકુળ આવી જતા સમયાંતરે ખુબ જ સફળતાપૂર્વક સંવર્ધન થઇ રહેલ છે. હાલ ઝૂ ખાતે એશીયાઇ સિંહ બાળ– ૦૧નો જન્મ થતા એશીયાઇ સિંહની સંખ્યા ૧૫ થઇ ગયેલ છે. જેમાં પુખ્ત નર-૦૫, પુખ્ત માદા-૦૯ તથા બચ્ચા-૦૧નો સમાવેશ થાય છે. આપને જણાવીએ કે, રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત રાજકોટ પ્રાણીઉદ્યાનનો સેન્ટ્રલ ઝૂ ઓથોરેટી ઓફ ઈન્ડીયાના માર્ગદર્શન મુજબ આધુનીક ઢબે વિકાસ કરાતા રાજકોટ ઝૂ હાલ સૌરાષ્ટ્રનાં પ્રવાસીઓ માટે ફરવા માટેનું ખુબજ ઉત્તમ સ્થળ બની ગયેલ છે. જાહેર રજા તથા તહેવારોના દિવસો દરમિયાન ઝૂ ખાતે મોટી સંખ્યામાં મુલાકાતીઓ પાર્કની મુલાકાતે પધારતા હોય છે. દર વર્ષે અંદાજિત ૭.૫૦ લાખ મુલાકાતીઓ ઝૂની મુલાકાતે પધારતા હોય છે. વન્યપ્રાણી વિનીમય યોજના હેઠળ રાજકોટ ઝૂ દ્વારા ભારતના અન્ય ઝૂ પાસેથી જુદી જુદી પ્રજાતીઓના પ્રાણી-પક્ષીઓ મેળવી ઝૂનો વિકાસ કરવામાં આવે છે.

# પ્રાથમિક શિક્ષકોની બદલીના ઠરાવની જોગવાઈમાં ફેરફારની શક્યતા

## ૧૩ સભ્યોની કમિટીની રચના : ઠરાવ પીઆરઈ-૧૧૨૦૧૨-૬૧૧૦૬૫ પાર્ટ-૫ની જોગવાઈમાં ફેરફાર થઈ શકે છે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર ખાતે આગામી બે દિવસ બાદ એક બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે. આ બેઠકમાં પ્રાથમિક શિક્ષકોની બદલીના ઠરાવની જોગવાઈમાં ફેરફાર થવાની શક્યતા છે. આ માટે એક કમિટીની રચના કરવામાં આવી છે.રાજ્યના પ્રાથમિક શિક્ષકોની બદલીના ઠરાવના પાર્ટ ૫ની જોગવાઈમાં ફેરફારની સંભાવના થવાની શક્યતા છે. આ માટે પ્રાથમિક શિક્ષણના સંયુક્ત સચિવના અધ્યક્ષ સ્થાને ૧૩ સભ્યોની કમિટીની રચના કરાઈ છે. આ કમિટીની બેઠક આગામી ૧૭મી ફેબ્રુઆરીના રોજ યોજાશે. વિભાગના આ ઠરાવ પીઆરઈ-૧૧૨૦૧૨-૬૧૧૦૬૫ પાર્ટ ૫ની જોગવાઈમાં ફેરફાર થઈ શકે છે. અલગ કોર્ટ મેટરો થઈ હોવાના કારણે ઠરાવમાં ફેરફાર થવાની શક્યતા છે. આ માટે પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘના અધ્યક્ષ ભીખાભાઈ પટેલે જણાવ્યુ હતું કે આગામી બેઠક માટેના મુદ્દાઓ મળી ગયા છે.

# વટવામાંથી ૨૨.૨૯ લાખના એમડી ડ્રગ્સ સાથે એક પેડલર ઝડપાયો

અમદાવાદ, તા.૧૫

ક્રાઈમ બ્રાંચની ટીમે વટવા ખાતેથી ૨૨.૨૯ લાખ રૂપિયાના એમડી ડ્રગ્સના જથ્થા સાથે એક પેડલરની ધરપકડ કરી છે. છેલ્લા ત્રણેક મહિનાથી ડ્રગ્સનો જથ્થો લઈને આ પેડલર ફરતો હતો અને સરખેજના એક યુવકને આ જથ્થો આપ્યો હોવાની જાણકારી ક્રાઈમ બ્રાંચને મળી છે. ક્રાઈમ બ્રાંચના સુત્રોના જણાવ્યા પ્રમાણે હવે ડ્રગ્સનો જથ્થો મેળવનાર સરખેજના યુવકની ધરપરડ બાદ ડ્રગ્સની સિન્ડિકેટનો પર્દાફાશ થાય તેવી શક્યતાઓ છે. ક્રાઈમ બ્રાંચના પીએસઆઈને બાતમી મળી હતી કે, વટવા બીબી તળાવ પાસે મુન્ના શેખ નામનો વ્યક્તિ એમડી ડ્રગ્સનો જથ્થો લઈને પસાર થવાનો છે. બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચે અલગ અલગ ટીમો બનાવીને ખાનગી વાહનોમાં વોચ ગોઠવી હતી. આ દરમિયાન એક શંકાસ્પદ યુવક ચાલતો ચાલતો ત્યાંથી પસાર થતો દેખાયો હતો.

# પાટણ નજીક જીપનું ટાયર ફાટતાં ટ્રક સાથે ટકરાતાં છનાં મોત

## પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થતાં હોસ્પિટલ ખસેડાયા

પાટણ, તા.૧૫

ઉત્તર ગુજરાતમાં પાટણ-રાધનપુર હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાવાની ઘટના બની છે. આ હાઈવે પર મોટી પીપળી ગામના પાટીયા નજીક જીપનું ટાયર ફાટતાં જીપ અને ટ્રક વચ્ચે અકસ્માત થયો હતો. બંને વાહનો ટકરાતા જીપના ફુરચા ઉડી ગયા હતાં. આ ઘટનામાં ૬ લોકોનાં મોત નિપજ્યાં છે. જ્યારે પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થયાં છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે રાધનપુરના વારાહી હાઈવે પર જીપનું ટાયર ફાટતાં જીપ ટ્રકને અથડાઈ હતી. જબરદસ્ત ટક્કર વાગતાં જીપના ફુરચા બોલી ગયા હતાં. આ ઘટનામાં ૬ મુસાફરોના મોત થયાં છે અને પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થયાં છે. ઘાયલ થયેલાને હોસ્પિટલ ખસેડાયા હોવાની માહિતી મળી છે.

આ ઘટનાની જાણ થતાં જ પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે આ ઘટનામાં અકસ્માત મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# સિંગતેલના ભાવમાં ડબ્બા પર બે દિવસમાં ૧૦૦ રુપિયાનો વધારો

## રાજ્યમાં મગફળીના મબલખ ઉત્પાદન છતાં સિંગતેલના ભાવમાં ભડકો : ડબ્બાનો નવો ભાવ ૨૮૭૦ થયો છે, ત્રણ દિવસના ગાળામાં જ રુપિયા ૧૩૦થી ૧૪૦નો ભાવ વધારો ઝીંકી દેવામાં આવ્યો

અમદાવાદ, તા.૧૫

રાજ્યમાં મગફળીનું મબલખ ઉત્પાદન થયું હોવા છતાં સીંગતેલમાં સતત ભાવ વધારો જોવા મળી રહ્યો છે. સતત બીજા દિવસે આજે સીંગતેલમાં ભાવ વધારો જોવા મળ્યો હતો. ગઈકાલે ડબ્બે ૫૦ રુપિયાનો વધારો ઝીંકાયા બાદ આજે ફરી એકવાર ડબ્બે ૫૦ રુપિયા વધારવામાં આવ્યા હતા. બે દિવસમાં જ સીંગતેલના ડબ્બાના ભાવમાં ૧૦૦ રુપિયાનો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. એક તરફ સતત મોંઘવારી વધી રહી છે ત્યારે રાજ્યમાં સીંગતેલના ભાવ બેકાબુ થઈ રહ્યા છે. ભડકે બળતા સીંગતેલના ભાવને કારણે ગૃહિણીઓનું બજેટ ખોરવાયુ છે. એક બાજુ લગ્નની સિઝન ચાલી રહી છે ત્યારે સીંગતેલમાં સતત ભાવ વધતા લોકોને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. આજે સતત બીજા દિવસે સીંગતેલના ભાવમાં વધારો ઝીંકાયો છે. બે દિવસમાં ડબ્બે રુપિયા ૧૦૦નો વધારો ઝીંકી દેવાયો છે. ગઈકાલે ડબ્બે રુપિયા ૫૦નો વધારો કરતા ભાવ ૨૮૨૦ થયો હતો ત્યારે આજે ફરી એકવાર ૫૦ રુપિયાનો ભાવ વધારો થતા ડબ્બાનો નવો ભાવ ૨૮૭૦ થયો છે. ત્રણ દિવસના ગાળામાં જ રુપિયા ૧૩૦થી ૧૪૦નો ભાવ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. સતત વધી રહેલા ભાવ લોકો માટે માથાનો દુખાવો સમાન સાબિત થઈ રહ્યો છે.

# ક્રિકેટ રમીને પાછા ફરતા યુવાનનું હાર્ટએટેકથી મોત

રાજકોટ, તા.૧૫

રાજકોટમાં છેલ્લા એક મહિનામાં ત્રણ યુવાનો રમતાં રમતાં હાર્ટએટેકથી મૃત્યુ પામ્યા છે. જે બાદ આજે ફરી એક યુવાનનું હાર્ટએટેકથી મોત થયુ છે. જેમા ડીસાથી ભાણેજના લગ્નમાં હોવાથી બહેનના ઘરે આવ્યો હતો અને ત્યા મિત્રો સાથે તે ક્રિકેટ રમવા ગયો હતો પરંતુ કમનસીબી એ છે કે આ યુવાન બહેનના ઘરે પાછો ન ફરી શક્યો. ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે રસ્તામાં હાર્ટએટેક આવતા મોત થયુ હતુ. મુળ ડીસાનો રહેવાસી ૪૦ વર્ષીય ભરત બારૈયા રાજકોટ ખાતે પિતરાઈ બહેનના ઘરે લગ્ન હોવાથી ત્યા આવ્યો હતો. અને આજે સવારે તે રાજકોટના શાસ્ત્રીનગર ક્રિકેટ મેદાનમાં રમવા ગયો હતો. બાદમાં તે ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે રસ્તામાં હાર્ટએટેક આવ્યો હતો. તેથી તેના મિત્રોએ ૧૦૮ને જાણ કરી હતી તેથી તાત્કાલિક ૧૦૮ની ટીમ આવી પહોચી હતી. પરંતુ ઈએમટીએ ભરત બારૈયાને મૃત જાહેર કર્યો હતો. બાદમાં ૧૦૮ દ્વારા ભરતનો મૃતદેહ પીએમ માટે સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

### મૃત્યુ પામી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભારતીને પતિ, ભાઈ સહિત પરિવારજનો અને આસપાસના રહીશો શોધખોળ આદરી હતી. ત્યારે ભારતી પાસે રહેલો કોથળો પરિવારજનો ઓળખી ગયા હતા. ફાયર બિગ્રેડને જાણ કરતા ઈન્ચાર્જ સબ ફાયર ઓફિસર ગૌતમ પટેલ, રાજેશ પટેલ સહિત ફાયર જવાનો આવી ગયા હતા. જો કે યુવતિ કુવામાં ડુબી ગઈ હોવાનું પાક્કી માહિતી મળતી ન હતી. જેથી ફાયરના રાજેશ પટેલે હોટલના બે દિવસીય ફુટેજ ચેક કર્યા હતા.જેમાં સોમવારના રોજ ભારતી કુવામાં ઉતરતી નજરે પડે છે, પરંતુ બહાર આવતી જોવા મળતી નથી. જેથી ભારતીની કુવામાં ફાયર જવાનોએ શોધખોળ આદરી હતી. પરંતુ થર્મોકોલના કચરાના ઢગ વચ્ચે વીસ ફુટ ઉંડા પાણીમાં મૃતદેહ શોધવાનુ કામ કઠીન હતું. તેમ છતા ફાયરના જવાનો ગૌતમ પટેલ, તેજસ પટેલ, અને નૈમેશ પંચાસરા જીવના ઝોખમે કુવામાં અંદર ગયા હતા.પરંતુ ગંદુ પાણી અને કચરાને લઈ જવાનોને અગવડતા પડતી હતી. ત્યારબાદ સાંજ ઢળતા સર્ચ ઓપરેશન બંધ કરાયું હતું. જયારે આજે સવારે મનપાના જેસીબી મશીન દ્વારા બે ડમ્પર ભરીને કચરો બહાર કાઢવામાં આવ્યો હતો. કુવામાંથી કચરો હટતા યુવતિનો મૃતદેહ નજરે પડ્યો હતો. જેથી ફાયર બિગ્રેડના જવાનોએ ભારે જહેમત બાદ ભારતીનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. ભારતીનો મૃતદેહ મળી આવતા પરિવારજનો હૈયાફાટ રૂદનથી શોકમય વાતાવરણ બની ગયું હતું. જયારે બે વર્ષના દિકરાને માતાની મમતા છુટી જવા પામી છે. ત્યારે આ ગોઝારા કુવામાં ફરીવાર આ પ્રકારની ઘટના ન બને તે માટે તાત્કાલીક તંત્ર દ્વારા બંને જીવલેણ કુવા પુરી દેવામાં આવે તે જરુરી છે.

### વેચી દેવાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૭૩,૦૦૦ હજારની સામે છેલ્લે વધુમાં વધુ ભાવ ૭૩,૮૦૦ની બોલી લગાવી હતી અને તે સ્વીકારી લેવાતા રૂપિયા ૧૯.૫૭ કરોડની તળીયાની કિંમત સામે માત્ર ૧૯.૭૮ કરોડમાં પ્લોટ ગયો હતો આ ઉપરાંત વાવોલમાં બે પ્લોટ વાણિજ્ય હેતુના છે. તેમાં સિદ્ધાર્થ બંગલોઝ પાસેના ૩,૪૯૮ મીટરના પ્લોટમાં પ્રતિ ચોરસ મીટરના ભાવ રૂપિયા ૪૨ હજાર સાથે તળિયાની કુલ કિંમત ૧૪,૬૯,૧૬,૦૦૦ની સામે હરાજીમાં ૫૫.૨૪ ટકાનો ભાવ વધારો મલવાથી આ પ્લોટના ૨૨.૮૦ કરોડ ઉપજ્યા હતાં. જ્યારે વૈદેહિ ૩ પાસેના ૨,૩૨૫ મીટરના પ્લોટમાં પ્રતિ ચોરસ મીટરના ભાવ રૂપિયા ૩૭ હજાર સાથે તળિયાની કુલ કિંમત રૂપિયા ૮,૬૦,૨૫,૦૦૦ની સામે ૨૩.૭૮ ટકાનો ભાવ વધારો મળતા આ પ્લોટ રૂપિયા ૧૦.૬૪ કરોડમાં ગયો હતો. કુલ મળીને ચાર પ્લોટની તળિયાની કુલ કિંમત રૂપિયા ૫૩.૭૬ કરોડ નિયત કરાઇ હતી. પરંતુ તેમાં સરગાસણમાં નેનો સિટી પાસેના ૨,૧૩૬ મીટરના રહેણાંક હેતુના પ્લોટ પ્રતિ ચોરસ મીટરના ભાવ રૂપિયા ૫૧ હજાર સાથે તળિયાની કિંમત રૂપિયા ૧૦,૮૯,૩૬,૦૦૦ના ભાવ રાખવામાં આવ્યો હતો જો કે કોઈએ રસ દાખવ્યો ન હતો

### સ્થળાંતર

● અનુસંધાન પહેલાનું ચાલુ

તુર્કીના રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, ભૂકંપથી મૃત્યુઆંક ૪૦ હજારને પાર થઈ ગયો છે. સાથે જ બે કરોડથી વધુ લોકો પહેલેથી જ પ્રભાવિત વિસ્તાર છોડી ચૂક્યા છે અને સેંકડો ઈમારતો ખંડેર બની ચૂકી છે. એક ટીવી ભાષણમાં તેઓએ જણાવ્યું કે, આપણે ન માત્ર પોતાના દેશ પરંતુ માનવતાના ઈતિહાસમાં સૌથી મોટી પ્રાકૃતિક મુશ્કેલીમાંની એકનો સામનો કરી રહ્યાં છીએ. તુર્કીમાં રાહત અને બચાવ કાર્યમાં જોતરાયેલી ભારતીય સેનાના મેજર બીના તિવારીએ કહ્યું કે, શરુઆતમાં દર્દીઓમાં શારીરિક ઈજાઓ જોવા મળી હતી, પરંતુ હવે તે બદલાઈ રહી છે.

### મંજૂરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, દેશની સરહદોને મજબૂત કરવા કેન્દ્ર સરકાર વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ લાવી છે. આ અંતર્ગત દેશની ઉત્તરી સરહદો પર આવેલા ગામડાઓમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરવામાં આવશે. લદાખ, જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, સિક્કિમ અને અરુણાચલ પ્રદેશના ૧૯ જિલ્લાના ૨૯૬૬ ગામોમાં રોડ, વીજળી જેવી માળખાકીય સુવિધાઓને મજબૂત કરવામાં આવશે.

### ખેડૂતોને લાભ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરળતા સાથે નાણાં મોકલવા માટે સક્ષમ બનાવશે. સરકાર આગામી ૧૦-૧૨ મહિનામાં ડિજિટલ ક્રેડિટ સિસ્ટમના સંપૂર્ણ રોલઆઉટ પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે. અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે, "નાના શહેરો અને ગામડાઓમાં નાના વેપારીઓ કેવી રીતે તેમના વ્યવસાય અને અન્ય કામો માટે મોટી બેંકો પાસેથી ક્રેડિટ મેળવી શકે અને વધારેમાં વધારે ડિજિટલ સેવાઓને સરળતાથી ઍક્સેસ કરી શકે છે. તે સુનિશ્ચિત કરવાનો અમારો હેતુ છે. હવે યોજના અમલમાં મૂકવાનો સમય આવી ગયો છે,''